**અમદાવાદનાં મહે. એડી. ચીફ મેટ્રો. મેજી. સાહેબની ને.ઇ. એક્ટની કોર્ટ નં. ૨૮ અમદાવાદ**

**ફોજદારી કેસ નં. 83239/2019**

ફરિયાદી– એસ. કે. ફિનકોર્પ લિ. વતી
હર્ષદકુમાર પુરૂષોતમદાસ રાવત

વિરુદ્ધ

આરોપી- અબ્દુલભાઇ મહમદભાઇ સિંધી

**– આંક–૧ લગત હુકમ –**

૧. ફરીયાદી દ્વારા ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબની પ્રાઇવેટ ફરીયાદ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ.

૨. સદર કામે ફરીયાદી તથા તેમનાં વિદ્વાન વકીલશ્રી દ્વારા હાલની ફરીયાદ આગળ ચલાવવા માંગતાં ન હોવાની રજુઆત કરેલ છે તેમજ હાલની ફરીયાદ બિનશરતી વિડ્રો કરવા માંગતાં હોવાની પુરસીસ રજુ કરેલ છે. જેથી, ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૭ને ધ્યાને લેતાં, હાલનાં કામે ફરીયાદી તથા આરોપી વચ્ચે કોર્ટ બહાર સમાધાન થઇ ગયેલ હોઇ, ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૪૭ મુજબ હાલની ફરીયાદ માંડવાળ થવાને પાત્ર હોઇ, હાલની ફરીયાદ વિડ્રો કરવા ફરીયાદીને પરવાનગી આપવામાં આવે છે. આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. હાલનો કેસ વિડ્રોથી ફેંસલ કરવામાં આવે છે

હુકમ આજ રોજ તા. ૧૦મી, માહે જુલાઇ, સને ૨૦૨૧ ના રોજ લોક–અદાલતના દિવસે જાહેર કર્યો.

તારીખઃ ૧૦/૦૭/૨૦૨૧
મુકામઃ અમદાવાદ

(એસ. આઇ. પટેલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,
ને.ઇ.એ. કોર્ટ નં. ૨૮,અમદાવાદ
કોડ નં. જીજે ૦૧૦૯૬